## ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર
## કપાસની ખેતી પધ્ધતિ માટે અઠવાડિક સલાહ (૩૦ નવેમ્બર થી ૬ ડીસેમ્બર, ૨૦૧૫)

**"આ સલાહ જે તે રાજયની કૃષિ યુનિવર્સિટીઓ પાસેથી મળેલ માહિતી મુજબ પ્રસિધ્ધ કરેલ છે"**

### ખેત આબોહવા સલાહ

| રાજય/ જીલ્લો | નવેમ્બર મહિનામાં વરસાદ (મીમી) તારીખ મુજબ | | | | | | | સલાહ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩૦ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૫ | ૦૬ | **કપાસની બોલગાર્ડ–૨ સંકર (બીટી) જાતોમાં ગુલાબી ઈયળનું નુકશાન અને જીંવત ઈયળોની હાજરી ગુજરાત, આંધ્રપ્રદેશ, તેલંગણા, મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવાં રાજયોના કેટલાંક વિસ્તારોમાં જોવા મળેલ છે. તાત્કાલિક મોજણી અને નિગાહ રાખી તેનાં નિયંત્રણ માટે સીઆઈસીઆરની પરિશિષ્ટમાં ભલામણ કરેલ પગલાંઓ લઈ ગુલાબી ઈયળનું વધુ નુકશાન અને ફેલાવો અટકાવવો.** |
| **ગુજરાત** | | | | | | | | |
| અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | કપાસનો પાક જીંડવા ફાટવાની અવસ્થાએ છે. કાળી જમીનમાં વાવેલ કપાસમાં પિયત આપવું. સીઆઈસીઆર, નાગપુર દ્વારા મોજણી કરતાં અમરેલી, ભાવનગર, જુનાગઢ અને ભરૂચ જિલ્લામાં કપાસની બોલગાર્ડ–૨ સંકર જાતોમાં બીજી અને ત્રીજી વીણીમાં ગુલાબી ઈયળનું ૧૦ થી ૮૦ ટકા નુકશાન જોવા મળેલ છે. ગુજરાત રાજયના બીજા જિલ્લાઓમાં જુદી જુદી માત્રામાં નુકશાન જોવા મળેલ છે. ઉપદ્રવિત વિસ્તારોમાં ખેડુતોને લીલાં જીંડવામાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ અટકાવવા સાયપરમેથ્રીન અથવા ફેનવલેરેટ અથવા લેમ્ડા–સાયહેલોથ્રીન દવાનો તાત્કાલિક એક છંટકાવ કરવાની સલાહ આપવામાં આવે છે. જો ગુલાબી ઈયળ માટે નિગાહ રાખવામાં આવશે નહિ તો ડીસેમ્બરમાં વધુ નુકશાન થવાની શકયતા રહેલ છે. બજારમાં મળતી મિશ્ર દવાનો ઉપયોગ ટાળવો અન્યથા સફેદ માખીનો ઉપદ્રવ વધી શકે. ખેડુતોને ડીસેમ્બર સુધીમાં કપાસની વીણી પુરી કરી, પાક કાઢી નાંખવાની સલાહ આપવામાં આવે છે. બિન જરૂરી ૨૦૧૬ના વર્ષમાં પાક લંબાવવાનું ટાળવું. પાકને સમયસર ખેતરમાંથી કાઢી નાંખવાથી ગુલાબી ઈયળનો ઉપદ્રવ ઘટશે અને તેથી બીટી કપાસ સામે વિકસતી પ્રતિકારકતા ઘટી શકે. હજી પણ કેટલીક જગ્યાએ ગત વર્ષની કરસાંઠીઓના શેઢાપાળા ઉપર ઢગલાં જોવા મળેલ છે જેનો તાત્કાલીક બાળીને નાશ કરવો. ગોડાઉન અથવા ઘરે સંગ્રહિત કરેલ કપાસમાંથી ગુલાબી ઈયળનો ફેર–ઉપદ્રવ થવાની શકયતા રહેલી હોય છે. જો આવા કપાસનાં બીજમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ જોવા મળે તો તાત્કાલીક બાળીને નાશ કરવો. વીણી વખતે ચોખ્ખો કપાસ ભેગો કરી ચોખ્ખી કાપડની બેગમાં ભરવો જરૂરી છે. વીણી કરેલ કપાસનો સંગ્રહ કંતાનની બેગમાં કરવાનું ટાળવું અન્યથા ફેર ઉપદ્રવની શકયતા વધી જાય છે. |
| ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| સાંબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |